RIGHT TO INFORMATION

अपील अरजी नं. ५४७,ता.७–१–११, ता.१–२–१२

ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી પ્રકાશ બી. બાગુલ

સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશ બી. બાગુલની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ઉધનાનાં પૂર્વ દિશામાં સુરત નવસારી રોડ ટચ મનભાવન સ્વિટસ અને ફર્નિચર મોલના બાજુમાં હાલમાં ચાલતું ગ્રાઉન્ડ ફલોર + ત્રણ માળનું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી આપવા વિનંતી વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૧–૧૨ તથા ૧–૨–૧૨ ની **SMC/FAP/** નં.૫૪૭/૨૦૧૧–૧૨

શ્રી પ્રકાશ બી. બાગુલની તા. ૦૫–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ઉધનાનાં પૂર્વ દિશામાં સુરત નવસારી રોડ ટચ મનભાવન સ્વિટસ અને ફર્નિચર મોલના બાજુમાં હાલમાં ચાલતું ગ્રાઉન્ડ ફલોર + ત્રણ માળનું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી આપવા વિનંતી વિ.મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૧–૧૨ તથા તા.૧–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૦ તા.૧૮–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/ આ.નં.૭૪૬ તા.૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટક/૫૬૬ તા.૧૩–૧૨–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં તા.૭–૧–૧૨ તથા તા.૧–૨–૧૨ ની કરેલ અપીલની નકલ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, તા.૧૬–૨–૧૧ ના રોજ રાજય માહિતી આયોગને કરેલ અપીલની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૫–૧૨–૧૧ ની અરજીથી સુરત–નવસારી રોડ ટચ મનભાવન સ્વીટસ અને ફર્નીચર મોલની બાજુમાં ગ્રાઉન્ડ ફલોર + ત્રણ માળના બાંધકામની તથા ગુજરાત સાયકલ એજન્સીવાળાના પ્લોટ ઉપરના બાંધકામની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) ઉધનાનાં પૂર્વ દિશામાં સુરત નવસારી રોડ ટચ મનભાવન સ્વિટસ અને ફર્નિચર મોલના બાજુમાં હાલમાં ચાલતું ગ્રાઉન્ડ ફલોર + ત્રણ માળનું બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની માહિતી આપવા વિનંતી.મુદ્દા નં.(૨) ગુજરાત સાયકલ એજન્સીવાળાનું ચાલતું આ બાંધકામ પ્લોટ ઉપર ચાલી રહયું છે કે સોસા.ના અવર જવરના રસ્તામાં ચાલી રહયું છે તેની માહિતી આપવા વિનંતી. મુદ્દા નં.(૩) આ બાંધકામ દસ્તાવેજવાળા પ્લોટ ઉપર થઈ રહયું છે કે કબ્જા રસીદવાળા પ્લોટ ઉપર? ગુજરાત સાયકલ એજન્સી વાળાનું આ બાંધકામ થઈ રહયું છે તે સોસા.નું નામ શું છે? તેમજ કયા નંબરના પ્લોટ ઉપર બાંધકામ થઈ રહયું છે? તેની માહિતી આપવા વિનંતી. મુદ્દા નં.(૪) ગુજરાત સાયકલવાળાનું જે બાંધકામ ચાલી રહયું છે તે પ્લોટ નંબરના પુરાવા અને નકશા કોપી આપવા વિનંતી. મુદ્દા નં.(૫) ગુજરાત સાયકલ એજન્સીના માલીકે બાંધકામનો વિકાસ પરવાનગી તેમજ બાંધકામનો પ્લાન મહાપાલિકામાં પાસ કરાયેલ છે કે કેમ? માહિતી આપવા વિનંતી. મુદ્દા નં.(૬) બાંધકામ કયા સર્ટીફાઈડ ઈજનેર કે આર્કી. ના સીધી

દેખરેખ હેઠળ થઈ રહયું છે કે કેમ? માહિતી આપવા વિનંતી. જે બાબતે અરજદારને તા.૫–૧–૧૨ ના રોજ ઉધનાઝોનના શહેર વિકાસવિભાગને લગતા મુદ્દા નં.૧ થી ૬ બાબતે માંગેલ માહિતી ૩૦ દિવસ હોવા છતાં પણ માહિતી આપવામાં આવેલ નથી તેવું જણાવી તા.૭–૧–૧૨ ના રોજ પ્રથમ અપીલ કરેલ. ત્યાર બાદ અરજદારે તા.૧–૨–૧૨ ના રોજ પ્રથમ અપીલ કરી ઘણા દિવસો થઈ ગયા તેવું જણાવી બીજી અપીલ કરવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૧૬–૨–૧૧ જણાવેલ અત્રે તા.૨૧–૨–૧૨ ના રોજ મળેલ રાજય માહિતી આયોગને કરેલ બીજી અપીલમાં અરજદારે સબંધિત વિભાગ તરફથી માંગવામાં આવેલ માહિતી સમય મર્યાદામાં આપવામાં આવેલ નથી તથા વધુમાં અરજદારે સમય મર્યાદા વીતી ચૂકી હોવા છતાં આજ દિન સુધી કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. અરજદારે સમય મર્યાદામાં માહિતી આપવામાં આવેલ ન હતી અને બીજા મુદ્દામાં આજ દિન સુધી કોઈ માહિતી મળી નથી તેવી પણ રજૂઆત કરેલ છે તેમજ અરજદારે માહિતી મળી હોય તો તે અંગે કોઈ આધાર કે માહિતી મળ્યા બાદની નારાજગી રજૂ કરેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૫૬૬ તા.૧૩–૧૨–૧૧ થી સમય અવધિમાં મુદ્દા નં.૧ ઉધના પૂર્વ દિશામાં સુરત–નવસારી રોડ ટચ મનભાવન સ્વિટસ અને ફર્નીચર મોલની બાજુમાં ચાલતું બાંધકામ ૨૦૦ ' – સુરત–નવસારી રોડની એલાયમેન્ટ હેઠળ હયાત બાદનું મેઈટેનન્સ/રીપેરીંગ બાંધકામ છે. જયારે મુદ્દા નં.૨,૩,૪ તથા ૫ ની માહિતી મુદ્દા નં.૧ મુજબ જાણશો. તેવું જણાવેલ છે. આમ અરજદારને બંને બાંધકામો ૨૦૦ ફુટ સુરત– નવસારી રોડ એલાઈમેન્ટ હેઠળ હયાત બાદનું મેઈન્ટેનન્સ અને રીપેરીગનુ બાંધકામ હોવાનું જણાવેલ છે. આથી મુદ્દા નં.૬ અંગે નવા બાંધકામ હોય તો જ તે વિગતો આપવી રહે. જે જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર પરથી તેમ નહીં હોવાનું ફલીત થાય છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પડાયેલ અપીલ અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૭–૧–૧૨ ધ્યાને લેતાં ૫–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૦–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫–૧૨–૧૧ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે અપીલમાં માહિતી નહીં મળ્યાની કરેલ રજુઆત બાબતે અરજદારને આપેલી માહિતીની નકલ પુનઃ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રકાશ બી. બાગુલ,